(૧૦)

પશુપાલન નિયામકશ્રીની કચેરી હેઠળની પશુ ચિકિત્સા અધિકારી,વર્ગ-૨ સંવર્ગની વર્ષ ૨૦૦૭ થી વર્ષ ૨૦૧૨ દરમિયાન રદ થયેલ ૫૬ જગ્યાઓ પૈકીની ૩૬ જગ્યાઓ પુનઃજીવિત કરવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃવીએચડી/૧૨૨૦૧૯/૨૩૩/પી૧
સચિવાલય,ગાંધીનગર
તા.૨૦/૦૧/૨૦૨૦

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક........
31 JAN 2020
10730
શાખા........

વંચાણે લીધાઃ-

(૧) પશુપાલન નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરનો પત્ર ક્રઃવી/વહટ/૨૦૧૭-૧૮/ફા.નં.૫૫/૫૫-૫૭/૧૯, તા.૧૬/૦૨/૨૦૧૯

(૨) પશુપાલન નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરનો પત્ર ક્રઃવી/વહટ/૨૦૧૭-૧૮/ફા.નં.૫૫/૪૬૧/૧૯, તા.૨૧/૧૧/૨૦૧૯

આમુખઃ-

ગુજરાતમાં ગ્રામિણ વિસ્તારોમાં લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલન અને ખેતી છે. પશુપાલનનો વ્યવસાય કરતા પશુપાલકોને તેમના પશુઓ તંદુરસ્ત રહે અને પશુઓને આરોગ્યલક્ષી સેવાઓ સમયસર મળી રહે તે ખૂબ જ જરૂરી છે. ગ્રામિણ વિસ્તારોમાં પશુ આરોગ્યલક્ષી સેવાઓ તાંત્રિક નિષ્ણાત એવા પશુ ચિકિત્સા અધિકારીઓ તથા પ્રાથમિક પશુ સારવાર આપવા અર્થે પ્રાથમિક તાંત્રિક જ્ઞાન ધરાવતાં પશુધન નિરીક્ષકો મારફતે પૂરી પાડવામાં આવે છે. એમાં ય ખાસ કરીને ટ્રાયબલ વિસ્તારોમાં પશુપાલકોને તેમના પશુઓને સમયસર યોગ્ય સારવાર મળી રહે તે ખૂબ જ જરૂરી હોય છે. પશુ સારવાર સંસ્થાઓ ખાતેની પશુ ચિકિત્સા અધિકારી તથા પશુધન નિરીક્ષકની જગ્યાઓ એકાંકી હોવાથી અનિવાર્ય કારણોસર જો આ જગ્યાઓ રદ થાય તો આ સંસ્થાઓનું અસ્તિત્વ રહેતું નથી. હાલમાં આવી કેટલીક સંસ્થાઓ પોતાના મકાનો પણ ધરાવે છે. જેમાં ટ્રેવીસ,કમ્પાઉન્ડ વોલ સહિતની સવલતો ઉપલબ્ધ હોય છે. આમ ઉકત તમામ બાબતોને ધ્યાને લઇને ઉકત વંચાણે લીધા-(૧) તથા (૨) પરના પત્રોથી પશુપાલન નિયામકશ્રીની કચેરીએ પશુ

સારવાર સંસ્થાઓની રદ થયેલ પશુ ચિકિત્સા અધિકારી,વર્ગ-૨ સંવર્ગની ૫૬ જગ્યાઓ પુનઃજીવિત કરવા બાબતે અત્રે દરખાસ્ત રજૂ કરેલ. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી દ્વારા પશુપાલન નિયામકશ્રીની કચેરી હેઠળની પશુ ચિકિત્સા અધિકારી,વર્ગ-૨ સંવર્ગની વર્ષ ૨૦૦૭ થી વર્ષ ૨૦૧૨ દરમિયાન રદ થયેલ અને દશ વર્ષિય ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ ન થયેલ ૫૬ જગ્યાઓ પૈકીની નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની કુલ-૩૬ જગ્યાઓ ચાલુ નાણાકીય વર્ષમાં ભરી દેવાની શરતે પુનઃજીવિત કરવાની આથી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | જિલ્લો | તાલુકો | પશુ દવાખાનું |
|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ઇડર | જાદર |
| ૨ | | હિંમતનગર | રાજેન્દ્રનગર |
| ૩ | | વિજયનગર | આંતરસુબા |
| ૪ | સુરત | બારડોલી | મઢી |
| ૫ | સુરેન્દ્રનગર | ચોટીલા | થાનગઢ |
| ૬ | | પાટડી | દસાડા |
| ૭ | | પાટડી(દ) | પાટડી |
| ૮ | મોરબી | હળવદ | ટીકર રણ |
| ૯ | | | ચરાડવા |
| ૧૦ | | | હળવદ |
| ૧૧ | અરવલ્લી | ભીલોડા | લુસડીયા |
| ૧૨ | | | ખરાડી |
| ૧૩ | | | મઉ |
| ૧૪ | ખેડા | મહેમદાવાદ | મોદજ |
| ૧૫ | ગીર સોમનાથ | કોડીનાર | ડોળાસા |
| ૧૬ | તાપી | વ્યારા | ડોલવણ |
| ૧૭ | દાહોદ | દાહોદ | કતવારા |
| ૧૮ | | લીમખેડા | રણધીકપુર |

| ક્રમ | જિલ્લો | તાલુકો | પશુ દવાખાનું |
|---|---|---|---|
| ૧૯ | દાહોદ | ધાનપુર | ધાનપુર |
| ૨૦ | | ફતેપુર | સુખસર |
| ૨૧ | નર્મદા | ડેડીયાપાડા | આંબાવાડી |
| ૨૨ | નવસારી | નવસારી | અષ્ટગામ |
| ૨૩ | | વાંસદા | લીમઝર |
| ૨૪ | | ગણદેવી | ખારેલ |
| ૨૫ | | ખેરગામ | ખેરગામ |
| ૨૬ | પંચમહાલ | જાંબુઘોડા | જાંબુઘોડા |
| ૨૭ | | ઘોઘંબા | રીંછવાણી |
| ૨૮ | બનાસકાંઠા | વડગામ | મુમનવાસ |
| ૨૯ | | દાંતા | ભાંખરી |
| ૩૦ | ભાવનગર | મહુવા | મહુવા |
| ૩૧ | મહિસાગર | વીરપુર | વીરપુર |
| ૩૨ | | સંતરામપુર | કાળીબેલ |
| ૩૩ | રાજકોટ | ધોરાજી | પાટણવાવ |
| ૩૪ | વલસાડ | કપરાડા | કપરાડા |
| ૩૫ | | | સુથારપાડા |
| ૩૬ | | વાપી | વાપી |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૪/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)

ઉપસચિવ

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, પશુપાલન નિયામકની કચેરી,કૃષિભવન,ગાંધીનગર.
- નાયબ પશુપાલન નિયામકશ્રી,જિલ્લા પંચાયતો (તમામ)-(પશુપાલન નિયામકશ્રીની કચેરી મારફત)
- કૃષિ અને સહકાર વિભાગની બજેટ શાખા,બ.૧,પી-૨, અ અને નાણાં શાખા.
- પસંદગી ફાઇલ
- સેક્શન અધિકારીશ્રી(આઈ.ટી. સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ –(ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ)